*Total No. of Printed Pages : 4* **Seat No. :** | | | | | | | |

# 158(G)

**(MARCH, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1. આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 59 પ્રશ્નો છે.
2. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
4. પ્રશ્નની સામે આપેલ અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

- **નીચેના 1 થી 15 વિકલ્પોવાળા પ્રશ્નો છે. દરેકના એક ગુણ ફાળવેલ છે.** **[15]**

1. રાસાયણિક ખાતરમાં આવેલા પોષકતત્ત્વના પ્રમાણને શું કહે છે ?

   (A) ગ્રેડ (B) ટકા

   (C) મૂલ્ય (D) પ્રમાણ

2. પેરાથિયોન દવાની દુર્ગંધ કેવા પ્રકારની આવે છે ?

   (A) ફોરેટ (B) લસણ

   (C) ડુંગળી (D) ડી.ડી.ટી.

3. ગાયને વેતરે લાવવા માટે કયો સ્ત્રાવ કામ કરે છે ?

   (A) પ્રોજેસ્ટ્રોન (B) રીલેક્સીન

   (C) ઈસ્ટ્રોજન (D) એમોમેઝમ

4. ધૂમકર એ કેવા પ્રકારનું વિષ છે ?

   (A) જઠરવિષ (B) શોષકવિષ

   (C) સ્પર્શકવિષ (D) વાયુરૂપીવિષ

5. રૂમેન કઈ હોજરીને કહેવાય છે ?

   (A) પહેલી (B) બીજી

   (C) ત્રીજી (D) ચોથી

6. કીટકનું વૃક્ષણ કેટલા ભાગનું બનેલ છે ?
(A) એક (B) ત્રણ
(C) ચાર (D) પાંચ

7. બી.એચ.એસી.માં ક્યું આઈસોમોર રહેલ છે ?
(A) પેરાપેરા (B) રોગર
(C) ગામા (D) વાયુરૂપી

8. હાડકાના ભૂકામાં કેટલા ટકા ફોસ્ફરસ હોય છે ?
(A) 20 થી 22 (B) 25 થી 30
(C) 15 થી 20 (D) 20 થી 30

9. કયો પદાર્થ પ્રતિકર્ષણ પદાર્થ છે ?
(A) દિવેલ (B) રેતી
(C) ખાંડ (D) એક પણ નહીં

10. નીચેનામાંથી કઈ દવા તાંબાયુક્ત છે ?
(A) થાયરમ (B) બોર્ડોમિશ્રણ
(C) કેપ્ટન (D) સરેસાન

11. ગાયની રજવાહિની લંબાઈ કેટલા સે.મી. હોય છે ?
(A) 10 સે.મી. (B) 12 સે.મી.
(C) 20 સે.મી. (D) 15 સેમી.

12. ઉંદરનાશક દવાનું એક નામ જણાવો :
(A) ક્લોરેડન (B) મેલાથિયોન
(C) રોગર (D) ઝીંક ફોસ્ફાઇડ

13. પરભક્ષી કીટકોનો સમાવેશ કઈ શ્રેણીમાં થાય છે ?
(A) ઓડોનેટા (B) ડિટટેરા
(C) ન્યુરોટટેરા (D) થાયસેન્થુરા

14. આમ્લીય જમીનનો p.H. આંક કેટલો હોય છે ?
(A) 6.5 થી 8.5 (B) 4 થી 6.5
(C) 7 થી વધારે (D) 8 થી વધારે

15. કબૂતર કેવા પ્રકારનું પક્ષી છે ?
(A) સરિસૃપ (B) સસ્તન
(C) વિહંગ (D) ઉભયજીવી

## વિભાગ – B

- **એક વાક્યમાં જવાબ લખો :** **[15]**

16. બી.એચ.સી. દવાનું ફુલ ફોર્મ જણાવો.
17. મિશ્ર ખાતરો કોને કહેવાય ?
18. સંપૂર્ણ કાયાન્તરણમાં કયા પ્રકારના કીટકો જોવા મળે છે ?
19. પારાયુક્ત દવાઓના બે નામ જણાવો.
20. પશુઓના બાહ્ય અંગોના નામ જણાવો.
21. યુરિયા ખાતરનું અણુસૂત્ર લખો.
22. કીટકના મુખાંગના પ્રકારો જણાવો.
23. રેકટી વૃલમ એ કઈ હોજરી છે ?
24. અનુકર્ષણ પદાર્થોના બે નામ જણાવો.
25. અપૂર્ણ કાયાન્તરણ કોને કહેવાય ?
26. ધૂમકર એટલે શું ?
27. ફોસ્ફામિડોન દવાનું વ્યાપારી નામ જણાવો.
28. જમીન સુધારકની વ્યાખ્યા લખો.
29. કોષની શોધ કયા વૈજ્ઞાનિકે કરી ?
30. ચિરોડી (જિપ્સમ) રાસાણિક સૂત્ર જણાવો.

## વિભાગ – C

- **નીચેના 31થી 42 પ્રશ્નના એક-બે વાક્યમાં જવાબ લખો. કોઈપણ દસ પ્રશ્નોના જવાબ આપો. દરેકના બે ગુણ ફાળવેલ છે :** **[20]**

31. શોષક જંતુનાશક દવાનું ઉદાહરણ જણાવો.
32. પશુઓના પાચન તંત્રના અવયવો જણાવો.
33. કાર્બોમેટ કીટનાશીના બે નામો જણાવો.
34. કાયાન્તરણના પ્રકારો લખો.
35. વાયરસના વાહકો જણાવો.
36. ફળઝાડના કીટકોના બે નામ જણાવો.
37. ફોરેટ દવા વિશે બે વાક્યો જણાવો.

38. રાસાયણિક ખાતરની વ્યાખ્યા લખો.

39. બોર્ડોમિશ્રણ કઈ કઈ વસ્તુઓથી બને છે ?

40. યુરિયા ખાતરનું બંધારણ અને બનાવટ જણાવો.

41. ખાતર એટલે શું ? અને તેના પ્રકારો જણાવો.

42. બજારુ કાર્બન બાયસલ્ફાઈડથી વનસ્પતિ ઉપર કેવા ડાઘ પડે છે ?

## વિભાગ – D

- **નીચે આપેલા 43 થી 54 સુધીના કોઈ પણ દસ પ્રશ્નોના જવાબ લખો. દરેકના ત્રણ ગુણ ફાળવેલ છે :** **[30]**

43. પ્રગતિશીલ ખેડૂતો રાસાણિક ખાતર વાપરવા વધારે પસંદ કરે છે.

44. ડી.ડી.ટી. દવા વિશે ટૂંકનોંધ લખો.

45. ક્ષારવાળી જમીન અને ભાસ્મિક જમીનનો ભેદ.

46. ડી.એ.પી. ખાતરની વિશિષ્ટતાઓ જણાવો.

47. આજકાલ ખેડૂતો કઠોળ પાક પછી ધાન્ય પાકો વાવવાનું વધુ પસંદ કરે છે..... કારણ કે.....

48. ધૂમકરોના ફક્ત પ્રકાર જણાવો.

49. ફુગશાસક દવાઓ વિશે સમજાવો.

50. રાસાણિક ખાતરો અને રાસાણિક મિશ્ર ખાતરોનો ભેદ.

51. વાયરસ રોગો ભયંકર અને ચેપી રોગો ગણાય છે.

52. શોષક ઝેર અને શોષક જંતુનાશક ઝેરનો ભેદ.

53. બર્હિપક્ષ કીટકો અંત:પક્ષ કીટકો કરતાં વધુ નુકસાનકારક છે – વિધાન સમજાવો.

54. અમ્લીય જમીન સુધારવા માટે ચૂનાની જરૂરિયાત પડે છે – સમજાવો.

## વિભાગ – E

- **નીચે આપેલા 55 થી 59 સુધીના નિબંધ પ્રકારના પ્રશ્નો છે. કોઈ પણ ચાર પ્રશ્નોના જવાબ લખો. દરેકના પાંચ ગુણ છે :** **[20]**

55. મિશ્રખાતરો એટલે શું ? તેના લાભા-લાભ જણાવો.

56. લીલના પ્રકાર જણાવી તેની ઉપયોગિતા જણાવો.

57. કીટનાશી ઝેરના પ્રકાર જણાવી સવિસ્તાર સમજાવો.

58. ગોડાઉનમાં અનાજના સંગ્રહ માટે કઈ કઈ કાળજી રાખવી જોઈએ ?

59. વાયુરૂપી કીટનાશી અને શોષકરૂપી કીટનાશીનો ભેદ સમજાવો.

---